ક્રમાંકઃઉમશ/ઉમા–૧/પ્રવાસીશિક્ષક/૨૦૧૬/
કમિશનર, શાળાઓની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૯
ગુ.રા.ગાંધીનગર તા.૨૯/૦૨/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :– તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની ગ્રાન્ટ ફાળવણીનો હુકમ તથા તે અંગેની જરૂરી સુચનાઓ

વંચાણમાં લીધા :–

૧. શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫નો ઠરાવક્રમાંકઃમશ/૧૦૧૪/૧૪૦/ગ
૨. શિક્ષણ વિભાગનો તા.૨૦/૧/૨૦૧૬નો ઠરાવક્રમાંકઃઉમશ/૧૨૧૪/૨૧૩/ગ.૧
૩. અત્રેની કચેરીનો તા.૨૦/૨/૨૦૧૬નો કચેરી આદેશ ક્રમાંકઃઉમશ/ઉમા–૧/૨૦૧૬/૧૦૨૬–૯૬

<u>કચેરી આદેશ:–</u>

રાજ્યની અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય નહી ત્યાં સુધી વિદ્યાર્થીઓનુ શિક્ષણ કાર્ય અટકે નહી તે માટે વંચાણમાં લીધેલ ક્રમ નં. ૧ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવથી રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાસદીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની કાર્યપ્રણાલી નિયત થયેલ છે. અને વંચાણમાં લીધેલ ક્રમ નં. ૨ શિક્ષણ વિભાગના તા.૨૦/૧/૨૦૧૬ના ઠરાવથી સદર તાસદીઠ માનદ વેતનનો ખર્ચ કયા બજેટ હેડમાં પાડવાનો છે તે અંગેની જોગવાઈ /સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

રાજ્યની અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી બિન આદિજાતિ વિસ્તારની શાળાઓમાં તથા આદિજાતિ વિસ્તારની શાળાઓમાં નીચે મુજબના માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોને નિમવા અંગેના ખર્ચને પહોંચી વળવા અંગે આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ તમામ જીલ્લા શિક્ષણાધિકારીઓની કચેરીના નામ સામે જણાવેલ સંબંધિત રકમ આથી મંજુર કરવામાં આવે છે.

| વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|
| ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂ. ૯૦/– | ૬ તાસ | રૂ. ૫૪૦/– |

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતન ની મર્યાદા રૂા. ૧૩૪૦૦/– થી વધે નહી તે રીતે રાખવાની જોગવાઈ થયેલ છે જેથી ઠરાવમાં થયેલ જોગવાઈઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

**બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ :– ઈડીએન.૧૮**

| ક્રમ | વિસ્તાર | બજેટ હેડ | મંજુર કરેલ રકમ |
|---|---|---|---|
| ૧ | બિન આદિજાતિ | ૨૨૦૨–૦૨–૧૧૦–૦૧ | રૂા. ૨,૮૫,૭૮,૦૦૦/–<br>(અંકે રુપિયા બે કરોડ પંચ્યાસી લાખ ઈઠયોતેર હજાર પુરા) |

| | | | |
|---|---|---|---|
| ૨ | આદિજાતિ | ૨૨૦૨-૦૨-૭૯૬-૦૨ | રૂ. ૮૪,૧૨,૦૦૦/-<br>(અંકે રૂપિયા ચોર્યાસી લાખ બાર હજાર પુરા) |

ઉપરોકત મંજુર કરેલ રકમ સંબધિત જીલ્લા શિક્ષણાધિકારી પાસેથી મળેલ વિષય શિક્ષકોની ખાલી જગ્યાઓની માહિતીના આધારે આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ જીલ્લાવાર અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરવા માટે તાસદીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો નિમવા માટે માનદ વેતન તરીકે સંબંધિત શાળાઓને ચુકવવા માટે મંજુર કરવામાં આવે છે.

શિક્ષણ વિભાગના તા. ૨૦-૧-૨૦૧૬ ના ઠરાવથી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રવાસી શિક્ષકો માટે માનદ વેતનથી ખર્ચ કરવા માટેની વહીવટી મંજુરી મળેલ છે .

આમ, ઉકત સંદર્ભદર્શિત તા.૨૧/૧૨/૨૦૧૫ તથા તા.૨૦/૧/૨૦૧૬ નાં ઠરાવમાં આપેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરી તાસ દીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષક દ્વારા શિક્ષણ કાર્ય કરવાની કાર્યવાહી કરવાની થાય છે. જે અંગેની વધારાની માર્ગદર્શક સુચનાઓ નીચે મુજબ છે.

(૧) માનદ વેતન (પ્રવાસી શિક્ષક) ની સેવા લેવા માટે સેટ અપ મુજબ ખાલી જગ્યા કરતાં પ્રવાસી શિક્ષકની સંખ્યા વધવી જોઇએ નહી.

(૨) માનદ વેતન (પ્રવાસી શિક્ષક) ને પુરતો વર્કલોડ મળી શકે તે પ્રમાણે જ સેવા લેવાની રહેશે.

(૩) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભિત ઠરાવોમાં જણાવ્યા પ્રમાણે માનદ વેતનની મર્યાદા વધે નહી તેની પુરતી કાળજી લેવાની રહેશે.

(૪) શાળાએ સેટ અપ મુજબ મળવાપાત્ર જગ્યાઓ પૈકીની ખાલી જગ્યા ઉપર વિષયવાર શિક્ષકની સેવા માટે વર્કલોડ તથા જગ્યા ઉભી થવાનાં આધાર સાથે, જિલ્લા શિક્ષણાધિકારીને માહિતી રજુ કરી તેઓની પુર્વ મંજુરી લઇને જગ્યા મંજુર કરાવીને જે તે વિષયના પ્રવાસી શિક્ષકની સેવા લેવાની રહેશે.

(૫) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પરિપત્ર કરી તમામ શાળાઓની વિગતો સમય મર્યાદામા મેળવી સેટ અપ મંજુર કરાવેલ હોય અને જગ્યા મળવાપાત્ર થતી હોય તેવી શાળાઓમાં જ પ્રવાસી શિક્ષકોની મંજુરી આપવાની રહેશે.

(૬) જિલ્લા શિક્ષણાધિકારી તરફથી પ્રવાસી શિક્ષકની સેવા લેવા માટેની મંજુરી મેળવ્યા બાદ શાળા સંચાલક મંડળે સ્થાનિક શાળાના આચાર્યશ્રી, એક શિક્ષક પ્રતિનિધિ અને સંચાલક મંડળના એક પ્રતિનિધિ દ્વારા સંયુકત રીતે પ્રવાસી શિક્ષક રાખવા માટે નિર્ણય કરવાનો રહેશે અને તેનું પ્રોસીડીગ કરી રેકર્ડ રાખવાનું રહેશે અને તેની જાણ જિલ્લા શિક્ષણાધિકારીને દિન-૫ માં કરવાની રહેશે.

(૭) પ્રવાસી શિક્ષક યોગ્ય રીતે કામગીરી કરે છે કે કેમ? તે અંગેની ચકાસણી શાળાના આચાર્યશ્રીએ કરવાની રહેશે અને તે અંગેનું દર માસે "ખરાઇ પ્રમાણપત્ર" જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં વર્કલોડ લોગબુકના આધાર સાથે આપવાનું રહેશે આ અંગેની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૨૦/૨/૨૦૧૬ના કચેરી આદેશ ક્રમાંક:ઉચશ/ઉમા-૧/૨૦૧૬/ ૧૭૨૬-૯૬ સાથેનું સુધારેલ ગ્રાન્ટનું પત્રક (રકમ રૂ. હજારમાં)

| ક્રમ | જિલ્લો | બિન આદિજાતિ વિસ્તાર | આદિજાતિ વિસ્તાર | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ-શહેર | 411 | 0 | 411 |
| ૨ | અમદાવાદ-ગ્રામ્ય | 1096 | 0 | 1096 |
| ૩ | અમરેલી | 685 | 0 | 685 |
| ૪ | આણંદ | 1918 | 0 | 1918 |
| ૫ | અરવલ્લી | 411 | 411 | 822 |
| ૬ | બનાસકાંઠા | 1096 | 822 | 1918 |
| ૭ | ભરૂચ | 822 | 274 | 1096 |
| ૮ | ભાવનગર | 1644 | 0 | 1644 |
| ૯ | બોટાદ | 548 | 0 | 548 |
| ૧૦ | છોટા ઉદેપુર | 0 | 548 | 548 |
| ૧૧ | દાહોદ | 0 | 1644 | 1644 |
| ૧૨ | ડાંગ | 0 | 548 | 548 |
| ૧૩ | દેવભુમિ દ્વારકા | 685 | 0 | 685 |
| ૧૪ | ગાંધીનગર | 822 | 0 | 822 |
| ૧૫ | ગીર સોમનાથ | 1370 | 0 | 1370 |
| ૧૬ | જામનગર | 548 | 0 | 548 |
| ૧૭ | જુનાગઢ | 548 | 0 | 548 |
| ૧૮ | ખેડા | 1644 | 0 | 1644 |
| ૧૯ | કચ્છ | 1644 | 0 | 1644 |
| ૨૦ | મહીસાગર | 685 | 548 | 1233 |
| ૨૧ | મહેસાણા | 1644 | 0 | 1644 |
| ૨૨ | મોરબી | 548 | 0 | 548 |
| ૨૩ | નર્મદા | 0 | 548 | 548 |
| ૨૪ | નવસારી | 192 | 219 | 411 |
| ૨૫ | પંચમહાલ | 1918 | 548 | 2466 |
| ૨૬ | પાટણ | 1918 | 0 | 1918 |
| ૨૭ | પોરબંદર | 438 | 0 | 438 |
| ૨૮ | રાજકોટ | 2274 | 0 | 2274 |
| ૨૯ | સાબરકાંઠા | 548 | 603 | 1151 |
| ૩૦ | સુરત | 329 | 329 | 658 |
| ૩૧ | સુરેન્દ્રનગર | 822 | 0 | 822 |
| ૩૨ | તાપી | 0 | 685 | 685 |
| ૩૩ | વડોદરા | 685 | 0 | 685 |
| ૩૪ | વલસાડ | 685 | 685 | 1370 |
| કુલ | | **28578** | **8412** | **36990** |

(અંકે રૂ.ત્રણ કરોડ, અગ્ણોસિત્તેર લાખ, નેવુ હજાર પુરા)

સંયુક્ત શિક્ષણ નિયામક
૧૦+૨ શાખા
ગુ.રા.ગાંધીનગર

(૮) પ્રવાસી શિક્ષકની સેવા માટે વર્કલોડ, વિષયની જરૂરીયાતને ખાસ પ્રાધાન્ય આપવાનું રહેશે અને પુરતો વર્કલોડ આપવાની તમામ જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

(૯) પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઈ લેખિત હુકમ કરવાના રહેશે નહી.

(૧૦) પ્રવાસી શિક્ષકને વાઉચરથી મળવાપાત્ર માનદ વેતન ચુકવવાનું રહેશે.

(૧૧) પ્રવાસી શિક્ષકને માત્ર શાળામાં બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલા દિવસ પુરતા જ કામગીરી કરાવવાની રહેશે તથા તેટલા જ દિવસનું માનદ વેતન ચુકવવાનું રહેશે.

(૧૨) પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઈ રજા કે છુટ આપી શકાશે નહી

(૧૩) જિલ્લા શિક્ષણાધિકારીએ જે શાળામાં પ્રવાસી શિક્ષકની સેવા લેવા માટેની મંજુરી આપી હોય તે શાળાનું સમયાંતરે મોનીટરીંગ કરવાનું રહેશે અને તેની પુરતી ચકાસણી કરવાની તથા અધ્યતન રજીસ્ટર નિભાવવાનું રહેશે અને ત્યારબાદ જ માનદ વેતન ખર્ચની ગ્રાન્ટ આપવાની રહેશે. બિન જરૂરી કામગીરી / ચુકવણું ન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીએ તેમની કક્ષાએથી નિરીક્ષણ માટે જરૂરી વ્યવસ્થાતંત્ર ગોઠવવાનું રહેશે.

ઉકત શરતોને આધિન કાર્યવાહી હાથ ધરવાની રહેશે. સરકારશ્રીના ઠરાવો તથા ઉકત શરતોનો ભંગ ન થાય તે અંગેની ગંભીર નોંધ લેવી તથા તેના કારણે જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જવાબદાર સંબંધિતો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

<u>આ કચેરીના સંદર્ભદર્શિત-૩ નો તા.૨૦/૨/૨૦૧૬નો કચેરી આદેશ આથી રદ કરવામાં આવે છે.</u>

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨ શાખા
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના

- સંયુકત નિયામકશ્રી (હિસાબ) સદર કચેરી
- હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૨) સદર કચેરી ગ્રાન્ટ ઓનલાઈન કરવા અર્થે
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ
- મહાલેખાકારશ્રી અમદાવાદ / રાજકોટ